# ૧. નાગદમન

## નરસિંહ મહેતા

૧૫મી સદીમાં ભાવનગર જિલ્લાના તળાજા ગામે તેમનો જન્મ થયો હતો. તેઓ પ્રેમલક્ષણા ભક્તિ અને જ્ઞાનમાર્ગની પરંપરાના ઉત્તમ કવિ હતાં. પ્રભાતિયાં, ઝૂલણાં છંદ, કૃષ્ણભક્તિના પદ અને કેદારો રાગ તેમના પ્રિય હશે, એવું તેમની રચનાઓ પરથી જણાય છે.

સાદી સરળ બોલચાલની ભાષામાં રચાયેલી તેમની ગેય રચનાઓ આજે પણ લોકોના હૈયે અને હોઠે રમે છે. તેમણે 'શામળશાનો વિવાહ', 'કુંવરબાઈનું મામેરું', 'હુંડી', 'ઝારીનાં પદ', 'સુદામા ચરિત્ર', 'દાણલીલા' વગેરે જેવા ૧૫૦૦થી વધારે પદો રચ્યા છે.

## સૂર કૃતિનો

પ્રસ્તુત પ્રભાતિયામાં કૃષ્ણજીવન - લીલાના નાગદમનના પ્રસંગનું વર્ણન છે. કૃષ્ણ ગોપમિત્રો સાથે યમુના કિનારે ગેડીદડો રમતા હતા ત્યારે દડો નદીમાં પડી જાય છે. તે દડો લેવા કૃષ્ણ નદીના ઊંડા પાણીમાં કૂદી પડે છે. તે નદીમાં એક ઝેરી કાલિયનાગ રહેતો હોય છે. નાગ તો ત્યારે સૂતો હોય છે. પણ નાગણો કૃષ્ણને ચાલી જવા ખૂબ વિનંતી કરે છે. સવાલાખનો હાર આપવાની લાલચ પણ આપે છે. પણ કૃષ્ણને ક્યાં કોઈ લાલચ હતી ? તેણે તો નાગણોને તેમના જ ઘરમાં ચોરી કરવાની સ્પષ્ટ ના પાડી દીધી - ત્યારે ના છૂટકે નાગણોએ નાગને જગાડ્યો. નાગ બળિયો હતો તો કૃષ્ણ તેનાથી સવાયા હતાં. આ ઝેરી કાલિયનાગ સાથે લડાઈ કરીને તેને હરાવી દીધો. ત્યારે નાગણોએ વિનંતી કરતાં કહ્યું કે 'હે પ્રભુ, તમને ન ઓળખવાનો અમારાથી અપરાધ થયો છે તેને માફ કરી દો અને અમારા પતિને છોડી દો.' આમ કહી કૃષ્ણને મોતીથી વધાવે છે. દયાળુ પ્રભુ કૃષ્ણ નાગણોની વિનંતી માનીને (પોતાની લીલા કરીને) નાગને છોડી દે છે.

'જળ કમળ છાંડી જા રે બાળા ! સ્વામી અમારો જાગશે;
જાગશે તને મારશે, મને બાળહત્યા લાગશે. - જળ. (ટેક)
કહે રે બાળક ! તું મારગ ભૂલ્યો ? કે તારા વેરીએ વળાવિયો ?
નિશ્ચે તારો કાળ જ ખૂટ્યો, અહીંયાં તે શીદ આવિયો ?' - જળ
'નથી નાગણ હું મારગ ભૂલ્યો, નથી મારા વેરીએ વળાવિયો;
મથુરા નગરીમાં જુગટું રમતાં, નાગનું શીશ હારિયો.' - જળ
'રંગે રૂડો રૂપે પૂરો, દીસંતો કોડીલો કોડામણો;
તારી માતાએ કેટલા જનમ્યા, તેમાં તું અળખામણો ?' - જળ.
'મારી માતાએ બેઉ જનમ્યા, તેમાં હું નટવર નાનડો;
જગાડ તારા નાગને, મારું નામ કૃષ્ણ કહાનડો.' - જળ
'લાખ સવાનો મારો હાર આપું, આપું રે તુજને દોરિયો;
એટલું મારા નાગથી છાનું, આપું રે તુજને ચોરિયો.' - જળ

'શું કરું નાગણ હાર તારો ? શું કરું તારો દોરિયો ?
શાને કાજે, નાગણ ! તારે કરવી ઘરમાં ચોરિયો ?' - જળ
ચરણ ચાંપી, મૂછ મરડી, નાગણે નાગ જગાડિયો;
'ઊઠોને બળવંત કોઈ, બારણે બાળક આવિયો.' - જળ
બેઉ બળિયા, બાથે વળગ્યા, કૃષ્ણે કાળિનાગ નાથિયો;
સહસ્ર ફેણાં ફૂંફવે જેમ, ગગન ગાજે હાથિયો. - જળ
નાગણ સૌ વિલાપ કરે છે, નાગને બહુ દુ:ખ આપશે;
મથુરા નગરીમાં લઈ જશે, પછી નાગનું શીશ કાપશે. - જળ
બેઉ કર જોડી વિનવે: 'સ્વામી ! મૂકો અમારા કંથને;
અમે અપરાધી કાંઈ ન સમજ્યાં, ન ઓળખ્યા ભગવંતને.' - જળ
થાળ ભરીને શગ મોતીડે શ્રીકૃષ્ણને વધાવિયા;
નરસૈંયાના નાથ પાસેથી, નાગણે નાગ છોડાવિયા.' - જળ

**અધ્યાપન સંકેત**

પ્રસ્તુત પ્રભાતિયાનું અધ્યાપન કરાવતા પહેલાં 'જાગને જાદવા કૃષ્ણ ગોવાળિયા' પ્રભાતિયું ગવડાવવું. પ્રભાતિયાની સંકલ્પના દૃઢ કરવી, કૃષ્ણની લીલાઓના બેચાર પ્રસંગોનો ઉલ્લેખ કરી નાગદમનના પ્રસંગનું વાર્તારૂપે વર્ણન કરવું, વિદ્યાર્થીઓને સક્રિય રાખવા સતત લઘુપ્રશ્નો પૂછવા, વિદ્યાર્થીઓ જાણતા હોય તેવા પ્રસંગો કહેવાની તેમને તક આપવી.

## સ્વાધ્યાય

**સ. ૧.** **નીચેના શબ્દ માટે કાવ્યમાં વપરાયેલા શબ્દો શોધો.**

(૧) રસ્તો (૨) માથું (૩) પાય (૪) આભ
(૫) પતિ (૬) શિશુ (૭) સમય (૮) પંકજ

**સ. ૨.** **પ્રાસયુક્ત શબ્દો લખો : દા.ત. :** લાગશે - જાગશે.

**સ. ૩.** **આપેલા શબ્દના અક્ષરો વડે બનતા શબ્દો બનાવો :** (૧) નાગદમન (૨) મથુરાનગરી

**સ. ૪.** **અર્થ લખી વાક્યમાં પ્રયોગ કરો :**

(૧) ચરણ ચાંપવા (૨) વિલાપ કરવો (૩) બાથે વળગવું (૪) કાળ ખૂટવો

**સ. ૫.** **કૃષ્ણના આવડે તેટલા નામ લખો.**

**સ. ૬.** **ખાલી જગ્યામાં યોગ્ય શબ્દ લખો :**

(૧) મારી માતાએ બેઉ ____, તેમાં હું નટવર નાનડો. (૨) ઊઠોને____કોઈ, બારણે બાળક આવિયો.
(૩) જાગશે, તને મારશે, મને ____ લાગશે. (૪) લાખ ____ મારો હાર આપું.

**સ. ૭.** **નીચેના અર્થ દર્શાવતી પંક્તિ લખો :**

(૧) તને તારા દુશ્મનોએ મોકલાવ્યો છે કે પછી તું રસ્તો ભૂલી ગયો છે તે જણાવ.
(૨) કૃષ્ણ નાગને બહુ કષ્ટ આપશે એમ વિચારી નાગણો રડે છે. (૩) નાગણ, તારા હાર અને દોરિયાનું હું શું કરું ?
(૪) હું મથુરા નગરીમાં જુગટુ રમતા નાગનું માથું હારી ગયો તેથી આવ્યો છું.

સ. ૮. **ઓળખો :**

(૧) કૃષ્ણને નદીમાંથી ચાલ્યા જવાનું કહેનાર -
(૨) નાગનું શીશ હારવાનું નાગણને કહેનાર -
(૩) કૃષ્ણની સાથે બાથે વળગનાર -
(૪) શ્રીકૃષ્ણને મોતીઓથી વધાવનાર -

સ. ૯. **યોગ્ય વિકલ્પ પસંદ કરો :**

(૧) નાગણોએ કૃષ્ણને નદીમાંથી ચાલી જવા કહ્યું. કારણ કે તેમને__________________.
(અ) કૃષ્ણનો ડર લાગતો હતો (આ) બાળહત્યાનું પાપ લાગે (ઇ) નાગનો ડર લાગતો હતો

(૨) કૃષ્ણએ હાર લેવાની નાગણોને ના પાડી. કારણ કે _______________.
(અ) નાગણ ચોરી કરે તે યોગ્ય નહોતું (આ) કૃષ્ણને માત્ર દડો જોઈતો હતો
(ઇ) કૃષ્ણને નાગ સાથે લડાઈ કરવી હતી

(૩) નાગણોએ આખરે નાગને જગાડ્યો. કારણ કે__________________.
(અ) તેમની લાલચ કૃષ્ણને લલચાવી શકી નહિ (આ) કૃષ્ણએ નાગને જગાડવાની વિનંતી કરી
(ઇ) કૃષ્ણએ તેમને ચોરી ન કરવા કહ્યું

સ. ૧૦. **આ કાવ્યનો ભાવાર્થ તમારા શબ્દોમાં લખો.**

**સંભાષણ** ★ કૃષ્ણની બાળલીલાઓના જુદાજુદા પ્રસંગોની વર્ગમાં સમૂહચર્ચા કરો.

**પ્રકલ્પ** ★ 'માખણચોર' કનૈયાનું ચિત્ર દોરી અથવા ચોંટાડી નીચે ૮થી ૧૦ વાક્યો લખીને ચાર્ટ તૈયાર કરો.

## ભાષિક સમજ

★ **ઉદાહરણ પ્રમાણે નામ બનાવો : દા.ત.:** માંગવું – માંગણી

(૧) વાવવું (૨) કમાવું (૩) પજવવું (૪) લણવું

★ **કાવ્યમાંથી વિશેષણો શોધીને લખો :** દા.ત. : કોડીલો

★ **કાળ ઓળખો :**

(૧) બધી નાગણો વિલાપ કરે છે. (૨) કૃષ્ણ નાગને બહુ દુ:ખ આપશે. (૩) કૃષ્ણ નાગનું શીશ હારી ગયો હતો.

## હું વાંચું ......... તમે પણ વાંચો.

### મેહુલો ગાજે ને

મેહુલો ગાજે ને માધવ નાચે
રૂમઝૂમ વાગે પાયે ઘૂઘરડી રે,
તાલપખાજ વજાડે રે ગોપી,
વહાલોવજાડેવેણુવાંસલડીરે.
પહેરણ ચીર, ચરણા ને ચોળી,
ઓઢણ આછી લોબરડી રે;

દાદુર મોર, બપૈયા બોલે,
મધુરી શી બોલે કોયલડી રે,
ધન બંસીવટ, ધન જમનાતટ,
ધન ધન આ અવતાર રે ;
ધન નરસૈયાંની જીભલડીને,
જેણે ગાયો રાગ મલ્હાર રે.

– નરસિંહ મહેતા

8GUJVI

માણ્યું તેનું સ્મરણ કરવું એય છે એક લ્હાવો.